
॥ શ્રીહરિજી ॥










**નિમંત્રણ પત્રિકા**

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન આયોજીત
# શિક્ષાપત્રી દ્વિશતાબ્દી પર્વ તથા
# અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ
# પ્રાગટ્ય દિન નિમિત્તે સત્સંગ બ્રહ્મયજ્ઞ

તા. ૧૪-૨-૨૦૨૬ શનિવાર થી ૧૬-૨-૨૦૨૬ સોમવાર

નિમંત્રક: **શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**
સંસ્થાપક: **અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર**


**બ્રહ્મયજ્ઞ સ્થળ:** ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર, હેલ્મેટ ચાર રસ્તા પાસે, ડ્રાઇવ-ઈન રોડ, મેમનગર, અમદાવાદ-૫૨.




બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ




શ્રી ઘનશ્યામ મહારાજ





## શિક્ષાપત્રી
## દ્વિશતાબ્દી પર્વ



ભગવાન શ્રી સ્વામિનારાયણ - શણગાર દર્શન



ભગવાન શ્રી સ્વામિનારાયણ - મંગળા દર્શન



અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અનાદિ મુક્તરાજ
# પૂજ્યશ્રી નારાયણભાઈ
# પ્રાગટ્ય દિન



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન,
અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી, સદ્ગુરુઓ,
સમર્થ મુક્તો તથા અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈના પરમ કૃપાપાત્ર

અ. મુ. શ્રી

સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા
અનાદિ મહામુક્તરાજ પ. પૂ. અબજીબાપાશ્રીની દિવ્ય સ્મૃતિસહ વિદિત થાય કે
શ્રીહરિએ સ્વહસ્તે રચિત શિક્ષાપત્રી ગ્રંથને સંવત ૨૦૮૨ મહા સુદ-૫ પાંચમને દિવસે
૨૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે તથા સમર્થ સદગુરુઓના લાડીલા સંત મૂર્તિ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનના આદ્ય સંસ્થાપક અને આપણા સૌના આદરણીય
પ્રેરણામૂર્તિ અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કરના
પ્રાગટ્ય દિન ઉપલક્ષ્યે શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન દ્વારા
તારીખ ૧૪-૨-૨૦૨૬ શનિવાર સંવત ૨૦૮૨ મહા વદ બારસથી
તારીખ ૧૬-૨-૨૦૨૬ સોમવાર સંવત ૨૦૮૨ મહા વદ ચૌદસ સુધી
ત્રણ દિવસીય સત્સંગ બ્રહ્મયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે.

**જે અંતર્ગત શિક્ષાપત્રી રહસ્યસાર**
**(સંકલન કર્તા: અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર)**
**ની પારાયણ રાખવામાં આવેલ છે.**

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી  સ્વામિનારાયણે અતિ કૃપા કરીને મનુષ્યના ઉત્કૃષ્ટ ભગવદીય જીવન ઘડતર માટે સંવત ૧૮૮૨ના મહા સુદી પંચમીને દિવસે પરમ કલ્યાણકારી શિક્ષાપત્રી ગ્રંથની રચના સ્વહસ્તે કરી. શિક્ષાપત્રી એ શ્રીહરિનું વાઙ્ગમય સ્વરૂપ છે.

જગતભરમાં અવતારી પુરુષે સ્વહસ્તે લખેલો કોઈ ગ્રંથ હોય તો તે આ "શિક્ષાપત્રી" છે. શ્રીજીમહારાજે સર્વે સચ્છાસ્ત્રના સારરૂપી સર્વોત્તમ આચાર સંહિતા "શિક્ષાપત્રી" રચીને અનંત મનુષ્યોને આચારશુદ્ધિ, ધર્મશુદ્ધિ તથા વ્યવહારશુદ્ધિ જાળવતા કરી સુખિયા કર્યા છે તે સારાએ જગતમાં સુવિદિત છે. શિક્ષાપત્રીમાં સર્વોત્તમ આચાર સંહિતાની સાથે સાથે ગૂઢ તત્વજ્ઞાનના રહસ્યો પણ સમાયેલા છે.

***શ્રીજીમહારાજના આશીર્વાદ:*** *આ પૃથ્વી ઉપર જે મનુષ્ય શિક્ષાપત્રી આદિકમાં, મૂળપુરુષાદિ ઈશ્વરના પણ ઈશ્વર એવા મેં સહજાનંદ સ્વામી એ કહેલા, અહિંસાદિક ધર્મોનું પાલન કરવા પૂર્વક મારું ભજન કરે છે, તે મનુષ્યને અંતકાળે મારા ધામમાં લઈ જવા, મુનિજનોથી વીંટળાયેલો એવો હું, તે તત્કાળ આવીશ.*

*(સ. ભૂ. બીજા અંશનો અ. ૩૫)*

***શ્રીજીમહારાજ કહે છે:*** *શિક્ષાપત્રી માંહિ અમે રેશુ રે; રહી એમાં સહુને સુખ દેશુ રે.*

***શિક્ષાપત્રી શ્લોક ૨૦૬ શ્રીજીમહારાજના આશીર્વાદ:*** *આ શિક્ષાપત્રી પ્રમાણે જે વર્તશે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - આ ચારેય પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચે પામશે.*

શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે જે આજ્ઞાઓ કરી છે તેની વિગતવાર સમજૂતી સદગુરુ શ્રી શતાનંદમુનિએ શિક્ષાપત્રી ભાષ્યમાં આપેલી છે તેમ જ સદગુરુ શ્રી મુની સ્વામી શ્રી કેશવપ્રિયદાસજીએ તે આજ્ઞાઓનો પરોક્ષાર્થ અને પ્રત્યક્ષાર્થ અનેક ગ્રંથોના આધારે વિસ્તારથી સમજાવેલો છે. આજના આધુનિક યુગમાં સૌ કોઈને ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે સમયની તકલીફ હોવાથી અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈએ દરેક શ્લોકમાંના શ્રીજીમહારાજના હૃદગત અભિપ્રાયને ખૂબ જ સરળ રીતે સમજાવવા શિક્ષાપત્રી રહસ્યસાર ગ્રંથની રચના કરી છે. આમ શિક્ષાપત્રી રહસ્યસાર તે અમૃતમંથનની જેમ સૌને માટે આશીર્વાદરૂપ છે.

પૂજ્યશ્રી નારાયણભાઈનું જીવન શ્રીહરિજીના પરમ સાધર્મ્યને પામવાના અખંડ પ્રેરણાસ્રોતસમું હતું. સફેદ વસ્ત્રોમાં રહેલા પૂજ્યશ્રી નારાયણભાઈનું નિર્મળ, ઉદાત્ત, નિઃસ્વાર્થ, નિષ્કામ ને શ્રીહરિજીની મૂર્તિ પરાયણ જીવન સત્સંગ તેમ જ માનવ સમાજને માટે ઉદાહરણરૂપ છે. સ્વામિનારાયણ સંપ્રદાય તથા સમગ્ર સમાજ પૂજ્યશ્રી નારાયણભાઈના આધ્યાત્મિક તેમ જ સમાજોપયોગી સેવાકાર્યો માટે ઋણી રહેશે.

પૂજ્યશ્રી નારાયણભાઈ સ્થાપિત શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન દ્વારા નિઃશુલ્ક સારવાર કેન્દ્ર, નિઃશુલ્ક વાંચનાલય, રાહત દરે નોટબુક-ચોપડાનું વિતરણ, સાંસ્કારિક-આધ્યાત્મિક પ્રકાશનોનું સેવા-મૂલ્યે વિતરણ, ગરીબ તેમ જ જરૂરીયાતમંદોને સેવા-સદાવ્રત વગેરે આધ્યાત્મિક-સામાજીક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. અને આ રીતે ડિવાઇન મિશન સંસ્થા સમાજના ઉત્કર્ષ માટે એક અખંડ વહેતી મીઠી વિરડી સમ બની રહી છે.

તો આ દિવ્ય શિક્ષાપત્રી રહસ્યસાર પારાયણ પ્રસંગે આપશ્રીને સપરિવાર પધારી લાભ લેવા અમારું ભાવભીનું નિમંત્રણ છે.

આ મંગલ સત્સંગ બ્રહ્મયજ્ઞ પ્રસંગે શ્રીજીમહારાજ, પરમ કૃપાળુ બાપાશ્રી અને પૂજ્યશ્રી નારાયણભાઈના ચરણકમળરૂપી અમૃત સમિપે રહેવાય એ જ અભ્યર્થના.

**લિ. દર્શનાભિલાષી**

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન પરિવારના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ

**શ્રી શિક્ષાપત્રી રહસ્યસાર ત્રિદિનાત્મક પારાયણના મુખ્ય વક્તાશ્રી**

પ. પૂ. સ. ગુ. શાસ્ત્રી શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી

(મહંતશ્રી શ્રી સ્વા. મંદિર જેતપુર)

# સત્સંગ બ્રહ્મયજ્ઞ કાર્યક્રમ

## પોથીયાત્રા

તા. ૧૪-૨-૨૦૨૬ શનિવાર, સં. ૨૦૮૨ મહા વદ-૧૨, સવારે ૭:૦૦ કલાકે
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનથી બ્રહ્મયજ્ઞ સ્થળ સુધી.

## પારાયણ

પ્રારંભ તા. ૧૪-૨-૨૦૨૬ શનિવાર, સં. ૨૦૮૨ મહા વદ ૧૨, સવારે ૯:૦૦ કલાકે
પૂર્ણાહુતિ તા. ૧૬-૨-૨૦૨૬ સોમવાર, સં. ૨૦૮૨ મહા વદ-૧૪ બપોરે ૧૨:૦૦ કલાકે
સમય: સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે, બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાકે

## પ્રાગટ્ય દિન આરતી

અ. મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ પ્રાગટ્ય દિન આરતી શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનમાં
તા. ૧૬-૨-૨૦૨૬ સોમવાર, સવારે ૭ કલાકે.

## પ્રાગટ્યોત્સવ આરતી

અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ પ્રાગટ્યોત્સવ આરતી બ્રહ્મયજ્ઞ સ્થળ ઉપર
તા. ૧૬-૨-૨૦૨૬ સોમવાર, સવારે ૧૦:૪૬ કલાકે

## રાસોત્સવ

તા. ૧૪-૨-૨૦૨૬ શનિવાર રાત્રે ૮ થી ૧૧ કલાકે

## સમૂહ પારાયણ

શિક્ષાપત્રી રહસ્યસાર સમૂહ પારાયણ બ્રહ્મયજ્ઞ સ્થળ ઉપર
તા. ૧૬-૨-૨૦૨૬ સોમવાર, સમય: સવારે ૮ થી ૯ સુધી

## : બ્રહ્મયજ્ઞ સ્થળ :

ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર,
હેલ્મેટ ચાર રસ્તા પાસે, ડ્રાઇવ-ઈન રોડ, મેમનગર, અમદાવાદ-52.

*આ બ્રહ્મયજ્ઞની સર્વે હેતવાળા હરિભક્તોને જાણ કરવા વિનંતી.

બહાર ગામના હરિભક્તોએ ઉતારા માટે અગાઉથી મોબાઇલ નંબર 81410 01536 ઉપર જાણ કરવા વિનંતી.

સર્વજીવહિતાવહ બ્રહ્મયજ્ઞના

# 50 વર્ષ

1981-2031

## સુવર્ણ પર્વે અમૃત સમિપે

: નિમંત્રક :

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ-13. ફોન: 81410 01536

: આયોજક :

**પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ સેવા ટ્રસ્ટ**

૧, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ-13. M. 99798 78904

Website: www.shriswaminarayandivinemission.org | Email: info@shriswaminarayandivinemission.com